# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેલંગાણામાં નવ હજાર 400 કરોડ રૂપિયાની માળખાકીય અને ઔદ્યોગિક પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

2) પ્રધાનમંત્રી આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે – જામનગર શહેરને રોશનીથી શણગારાયું.

3) TVKના વડા સી. જોસેફ વિજયે તમિળનાડુના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો.

4) યુક્રેન પર અમેરિકાની મધ્યસ્થતામાં થયેલા યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો રશિયાનો આક્ષેપ.

5) IPL ક્રિકેટમાં ચેન્નઈ સુપર કિંગ્સે લખનઉ સુપર જાયન્ટ્સને 5 વિકેટે હરાવ્યું.

..........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-HYDERABAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તેલંગાણામાં લગભગ 9 હજાર 400 કરોડ રૂપિયાના અનેક માળખાગત અને ઔદ્યોગિક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.આ પ્રોજેક્ટ્સથી સંયુક્ત રીતે જોડાણને મજબૂત બનાવવા, લોજિસ્ટિક્સ કાર્યક્ષમતામાં સુધારો કરવા, સલામતી વધારવા અને લોકોને વધુ સારી રીતે મુસાફરી કરી શકે તેનો લાભ આપી શકાશે,

સભાને સંબોધતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ભારત સૌર ઉર્જા ઉત્પાદનમાં અગ્રણી દેશોમાંના એક દેશ તરીકે ઉભરી આવ્યું છે.કેન્દ્ર દ્વારા લેવામાં આવેલા પગલાંને કારણે ભારત પશ્ચિમ એશિયા સંઘર્ષથી થયેલ ઉર્જા સંકટનું અસરકારક રીતે સંચાલન કરી રહ્યું છે,

**(BYTE - PM ON SOLAR)**

પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ વારંગલ ખાતે પીએમ મિત્રા પાર્કનું ઉદ્ઘાટન કરતાં કહ્યું કે, એક સમય હતો જ્યારે ભારત વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવતું હતું, આ ક્ષેત્ર હવે વિસ્તરણના નવા તબક્કા માટે તૈયાર થઈ રહ્યું છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે પીએમ મિત્ર પાર્ક દેશના કાપડ ઉદ્યોગને નવી ગતિ આપશે, જેમાં પાર્કના એકમો ઉત્પાદન અને નિકાસને વેગ આપશે.

**(BYTE – PM ON MITRA PARK)**

આશરે ૧ હજાર ૭૦૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે બનેલ પીએમ મિત્ર પાર્કનો ઉદ્દેશ્ય કેન્દ્રના "પાંચ એફ" વિઝન હેઠળ એક સંકલિત કાપડ ઇકોસિસ્ટમ બનાવવાનો છે - જેમાં ખેતી, ફાઇબર, ફેક્ટરી, ફેશન અને વિદેશી બજારોનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીએ હૈદરાબાદ-પણજી આર્થિક કોરિડોરના ભાગ રૂપે ગુડેબેલુર અને મહબૂબનગર વચ્ચે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧૬૭ ના ચાર-માર્ગીય બાંધકામ અને સંગારેડી જિલ્લામાં ઝહીરાબાદ ઔદ્યોગિક વિસ્તારના વિકાસ માટે પણ શિલાન્યાસ કર્યો.આ ઉપરાંત તેમણે અનેક રેલ્વે અને લોજિસ્ટિક્સ પ્રોજેક્ટ્સને પણ લીલી ઝંડી આપી હતી.

ત્યારબાદ પ્રધાનમંત્રી મોદીએ હૈદરાબાદમાં કેન્સરના દર્દીઓ માટે વિશેષ સારવાર સુવિધા ધરાવતી સિંધુ હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું. શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે હોસ્પિટલ ટીમ દ્વારા નવીનતમ ટેકનોલોજી અને નવીનતાને એકીકૃત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે તે પ્રશંસનીય છે.

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ગુજરાતનાં પ્રવાસે આવશે. શ્રી મોદી જામનગરમાં રાત્રિ રોકાણ કરશે. લાલ બંગલો સર્કલ ખાતે તેમનું સ્વાગત કરાશે. આવતીકાલે શ્રી મોદી સવારે પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ મંદિરના પુનઃનિર્માણની 75મી વર્ષગાંઠ પ્રસંગે આયોજિત સોમનાથ અમૃત મહોત્સવમાં સહભાગી થશે. તેઓ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ ભાગ લેશે. શ્રી મોદી વિશેષ મહાપુજામાં સહભાગી થયા બાદ કુંભ અભિષેક અને ધ્વજારોહણ વિધીમાં પણ ભાગ લેશે.

આ પ્રસંગે સોમનાથમાં પ્રથમ વખત વાયુસેનાની સૂર્યકિરણ ઍરોબેટિક્સ ટીમ દ્વારા ભવ્ય એર શો પણ યોજાશે..પ્રધાનમંત્રી આવતીકાલે વડોદરા ખાતે સરદારધામનું લોકાર્પણ કરશે અને જાહેરસભા સંબોધશે.

# DAY SOMNATH PARV

પ્રથમ જ્યોતિર્લિંગ, સોમનાથ મંદિર ખાતે શરૂ થયેલા "સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬" નિમિત્તે આનંદ અને ઉત્સાહનું વાતાવરણ છે. અમૃત પર્વ પર નવીનીકૃત સોમનાથ મંદિરના શિખર પર 11 તીર્થ સ્થળોના જળથી અભિષેક કરવામાં આવશે.આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં ધ્વજ પૂજા અને મહાપૂજા યોજાશે.સાંભળીએ અમારા સંવાદદાતાનો એક એહવાલ..

**[V/C-MAYUR SOLANKI]**

# ADD-TN SWEARING IN

તમિલગા વેત્રી કઝગમ -ટીવીકેના વડા સી. જોસેફ વિજયે આજે તમિળનાડુના મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો છે. તેમણે આજે ફોર્ટ સેન્ટ જ્યોર્જમાં મુખ્યમંત્રી કાર્યાલયની મુલાકાત લીધી હતી અને દરેક પરિવારને 200 યુનિટ મફત વીજળી પૂરી પાડવા, મહિલાઓની સુરક્ષા અને ડ્રગ્સની હેરાફેરી સામે લડવા માટે ખાસ એકમોની સ્થાપના સહિત અનેક ફાઇલોને મંજૂરી આપી હતી.

શ્રી વિજયે જનતાને સરકારમાં વિશ્વાસ રાખવા અપીલ કરતાં કહ્યું હતું કે તેઓ બધા માટે સરળ અને પારદર્શક શાસન સુનિશ્ચિત કરશે.ધારાસભ્યોના શપથ ગ્રહણ માટે આવતીકાલે રાજ્ય વિધાનસભા સત્ર યોજાશે. નવી રચાયેલી સરકારને બુધવાર સુધીમાં બહુમતી સાબિત કરવા કહેવામાં આવ્યું છે.

# ASAM ELECTED LEADER

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા ડૉ. હિમંતા બિસ્વા સરમાને ભારતીય જાણતા પાર્ટી  અને એનડીએ બંને વિધાનસભાના પક્ષોના નેતા તરીકે ચૂંટાયા  છે. આજે ગુવાહાટીમાં યોજાયેલી બેઠકમાં રણજીત કુમાર દાસ, બિસ્વજીત દૈમરી, અજંતા નિઓગ, રાજદીપ રોય સહિત ભાજપના આઠ ધારાસભ્યોએ 10 આસોમ ગણ પરિષદ અને BPF ધારાસભ્યોની હાજરીમાં NDAના નેતા તરીકે ડૉ. હિમંતા બિસ્વા સરમાના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેમાં ભાજપના કેન્દ્રીય નિરીક્ષક અને કેન્દ્રીય મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ તેમને ભાજપ અને એનડીએ બંનેના નેતા જાહેર કર્યા હતા. શ્રી સરમા લોક ભવનમાં રાજ્યપાલને મળ્યા અને સરકાર બનાવવા માટે 102 ધારાસભ્યોની સહી કરેલો પત્ર સુપરત કર્યો.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# HM – REVIEW MEETING

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંભવિત પૂર અને ગરમીનો સામનો કરવા માટે દેશની તૈયારીઓની સમીક્ષા કરી. આજે નવી દિલ્હીમાં એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરતા શ્રી શાહે કેન્દ્ર સરકારની એજન્સીઓની તૈયારીઓનું મૂલ્યાંકન કર્યું. શૂન્ય જાનહાનિ અને ન્યૂનતમ સંપત્તિને નુકસાન થાય તે સુનિશ્ચિત કરવા માટે પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓ, સંસાધનોની જમાવટ અને આંતર-એજન્સી સંકલનની સમીક્ષા કરી. તેમણે દેશભરમાં લાંબા ગાળાના પૂર નિવારણ પગલાંની પ્રગતિની પણ સમીક્ષા કરી.

આ દરમિયાન, સમુદાય જાગૃતિ, જીવન અને સંપત્તિના નુકસાનને રોકવા માટે સ્થિતિસ્થાપકતા નિર્માણ કાર્યક્રમો, અને આવશ્યક રાહત સામગ્રીનો પૂરતો સ્ટોક સુનિશ્ચિત કરવા અને તબીબી તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવી.

# EVE.UP CABINET EXPANSION

ઉત્તર પ્રદેશમાં, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે તેમના મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું, જેમાં છ ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ મંત્રી તરીકે શપથ લીધા. વધુમાં, બે રાજ્યમંત્રીઓને બઢતી આપવામાં આવી અને તેમને સ્વતંત્ર હવાલો સોંપવામાં આવ્યો. રાજ્યપાલ આનંદીબેન પટેલે લખનૌના જનભવનમાં આયોજિત એક સમારોહમાં પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા.

ભાજપના ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ ભૂપેન્દ્ર ચૌધરી અને ભાજપ નેતા મનોજ પાંડેને કેબિનેટ મંત્રી તરીકે સામેલ કરવામાં આવ્યા. રાજ્યમંત્રી અજિત પાલ સિંહ અને સોમેન્દ્ર તોમરને બઢતી આપવામાં આવી અને તેમને સ્વતંત્ર હવાલો સોંપવામાં આવ્યો. આ ઉપરાંત કૃષ્ણ પાસવાન, સુરેન્દ્ર દિલેર, હંસરાજ વિશ્વકર્મા અને કૈલાશ રાજપૂતને રાજ્યમંત્રી તરીકે સામેલ કરવામાં આવ્યા છે.

# RUSSIA-UKRAINE CONFLICT

રશિયાએ યુક્રેન પર અમેરિકાની મધ્યસ્થતામાં થયેલા યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે. યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું છે કે છેલ્લા 24 કલાકમાં રશિયન હુમલાઓમાં એક વ્યક્તિનું મોત થયું છે અને અનેક લોકો ઘાયલ થયા છે.યુક્રેનના ખેરસન પ્રદેશના વડા, ઓલેક્ઝાન્ડર પ્રોકુડિને ખેરસન પ્રદેશમાં સાત લોકો ઘાયલ થયાની જાણ કરી હતી. યુક્રેનિયન વાયુસેનાએ કહ્યું કે તેણે રાત્રે છોડવામાં આવેલા તમામ 27 રશિયન હુમલા અને ડિકોય ડ્રોનને નષ્ટ કરી દીધા છે.

દરમિયાન, રશિયાના સંરક્ષણ મંત્રાલયે આરોપ લગાવ્યો કે કિવએ 1 હજાર થી વધુ યુદ્ધવિરામ ઉલ્લંઘન કર્યા છે. આ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે રશિયા અને યુક્રેન બંને નાઝી જર્મનીની હારની યાદમાં ઉજવાતા વિજય દિવસની ઉજવણી માટે શનિવારથી સોમવાર સુધી યુદ્ધવિરામનું પાલન કરવા સંમત થયા હતા.

# IPL

IPL ક્રિકેટમાં, ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમે લખનઉ સુપર જાયન્ટ્સને પાંચ વિકેટથી હરાવ્યું.

લખનઉએ પહેલા બૅટિંગ કરી નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટ ગુમાવી 203 રન કર્યા. જવાબમાં ચેન્નઈની ટીમે 19.2 ઓવરમાં 5 વિકેટ ગુમાવી 208 રન કરી મેચ જીતી લીધી.

દરમ્યાન અન્ય એક મેચ હાલ રાયપુરમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે રમાઈ રહી છે. હાલમાં મળતા અહેવાલ મુજબ મુંબઈની ટીમે 04 ઓવરમાં 03  વિકેટ ગુમાવી 34 રન કર્યા છે.

# PAKISTAN-SUICIDE ATTACK

પાકિસ્તાનના અશાંત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં પોલીસ ચોકી પર થયેલા આત્મઘાતી હુમલામાં પંદર સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. પોલીસે જણાવ્યું હતું કે ગઈકાલે સુરક્ષા કર્મચારીઓએ પોલીસ ચોકી પાસે આવી રહેલા વિસ્ફોટકોથી ભરેલા વાહન પર ગોળીબાર કર્યો હતો જેના કારણે મોટો વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટ પછી, બંદૂકધારીઓના એક મોટા જૂથે પોલીસ ચોકી પર હુમલો કર્યો, જેમાં ભારે ગોળીબાર શરૂ થયો. શક્તિશાળી વિસ્ફોટથી પોલીસ ચોકી સંપૂર્ણપણે નાશ પામી હતી અને ઘણા સુરક્ષા કર્મચારીઓ કાટમાળ નીચે દટાઈ ગયા હોવાના અહેવાલ છે.